જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૭/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૨૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૪,૩૪,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન</u>

## <u>આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ</u>

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૫૧૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) પોકસો એકટ ૪,૫(એલ),૬,૧૧(૪),૧૨,૧૮ તથા જે.જે.એકટ ૮૪ મુજબનો શરીર સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૬૭૪/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૯/૦૭/૨૦૨૨ ના કલાકઃ૨૧/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>આરોપીનું નામ :-</u>

વિશાલ સ/ઓ દેવદાસભાઇ રામદાસ જાતે બાવા (બાંમણીયા) ઉ.વ.૨૪ ધંધો-છુટક મજુરી રહે.કનુભાઇ માસ્ટરના મકાનમાં વિરમનગરની ચાલી રબારી વસાહત બજરંગ આશ્રમની બાજુમાં ઠક્કરનગર અમદાવાદ શહેર મુળ વતન પેશકી ગલી ગામ.આંકોલી થાના.બાગરા જી.ઝાલોર રાજસ્થાન

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ** તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા વટવા તથા રાણીપ પો.સ્ટે. વિસ્તારમાં ચોરી તથા ઘરફોડના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે હાકિમસિંગ ઉર્ફે કાલિયા ઉર્ફે વિનોદ ઉર્ફે અશોક ઉર્ફે અસ્લમ બૈજનાથસિંગ જાતે કુશવાહ(ઠાકુર) ઉ.વ.૪૯ રહે.બ્લોક નં.૫/૧૪૭, ચાર માળીયા ઔડાના મકાન, સદભાવના પોલીસ ચોકી પાસે, ઉમંગ ફ્લેટની બાજુમાં, વટવા, અમદાવાદ શહેર મુળ વતન ગામ-ગોરનકાપુરા, હનુમાનપુરા ચાર રસ્તા પાસે, તા.ઓરૈયા થાના-સેશો જી.ઈટાવા ઉત્તરપ્રદેશ નાની  વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) રાણીપ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૨૨૧૧૧૬૫/૨૨ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૦૬૨/૨૨ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪ મુજબ તથા નં.(૩) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૨૦૨૩૫/૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૦૬૬/૨૨ ઈ.પી.કો. કલમ  ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૭૩/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૯/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૯/૦૭/૨૦૨૨

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. આર.ડી.જાડેજા તથા સર્વે.સ્કોડ સ્ટાફ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**<u>નરોડા પોલીસ સ્ટેશન</u>**

## પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૬૧૮/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨),(એન) તથા પોક્સો એકટ કલમ ૩(એ), ૪,૫(એલ), ૬ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૭૫/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૦૯/૦૭/૨૦૨૨ ના કલાક- ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૦૯/૦૭/૨૦૨૨

### આરોપીનુ નામ

"પંકજ શિવાભાઇ રોહિત રહે. હાલ-દ્વારકેશ પી.જી. સ્ટર્લીન હોસ્પિટલની સામે, મહારાજા અગ્રસેન સ્કુલ પાસે, મેમનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ- અબોજ, તા-કપડવંજ, જી-ખેડા

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ગજેન્દ્રસિંહ રૂપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો.જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## શહેરકોટડા પોલીસ સ્ટેશન

# મિલકત સબંધી ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી. શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા વિક્રમ ઉર્ફે બર્મુડા સ/ઓ પ્રેમપ્રસાદ રવાની ઉ.વ.૧૮ રહે-કનૈયાના ગલ્લાની બાજુમાં રેલવે ફાટક ગંગાનગર ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર. નાઓની વિરુધ્ધમાં (૧) નરોડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૧૦૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯(એ)૩, ૧૧૪ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૭૮૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૬૭૧/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૯/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** (૧) અતુલકુમાર ઈશ્વરભાઈ સોલંકી (ઉ.વ.૪૯) (રહે. ગેલેક્ષી ટાવર હોટલ ગ્રાન્ડ ભગવતી પાસે એસ.જી.રોડ બોડકદેવ) એ તા.૦૯/૦૭/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૧૮ થી તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રેમ સ/ઓ ધર્મેશભાઈ પટેલ (રહે. પ્રેમનગર સોસાયટી સ્ટેડીયમ રોડ નવરંગપુરા) (૨) ધર્મેશભાઈ મણીલાલ પટેલ (રહે. ધર્માત્મા બંગલો કેશવનગર આર.ટી.ઓ.પાસે સુભાષબ્રીજ) (૩) અમિતભાઇ ચંદ્રકાન્ત શાહ (રહે. આરાધના રેસીડેન્સી નારણપુરા ક્રોસ રોડ પાસે નારણપુરા) (૪) રાજેશ ચુનીલાલ પટેલ (રહે. ઉસ્માનપુરા ગામ ઉસ્માનપુરા સર્કલ આશ્રમ રોડ) (૫) પ્રિયાંક હમુખભાઈ પટેલ (રહે. અજન્તા પાર્ક સેંટ ઝવિયર્સ લોયોલા સ્કુલ પાસે નારણપુરા) નાઓએ ભેગા મળી અતુલકુમાર સોલંકી સાથે મિત્રતા કેળવી ધંધામા પૈસાનુ રોકણ કરશો તો તમને ખુબ જ મોટો ધંધામા ફાયદો કરાવીશુ તેમ જણાવી લાલચ આપી આર.ટી.જી.એસ.મારફતે કુલ રૂપિયા ૬૫,૧૧,૫૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** (૨) સતીષ બાકારામ ચોપરા (ઉ.વ.૭૩) (રહે. ગોયલ ઇંટરસીટી રો હાઉસ ટીવી ટાવર સામે ડ્રાઇવ ઇન રોડ થલતેજ) એ તા.૦૯/૦૭/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૭૮૬૦૪૪૭૬૩૫ ના ધારકે સતીષ ચોપરાને ફોન કરી ભારતી એકક્ષા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી સુમિત અરોરા વાત કરતા હોવાની ઓળખ આપી સતીષ ચોપરાને જણાવેલ કે તમારી ભારતી એકક્ષા લાઈફ ઈન્સ્યોર્ન્સ કંપનીમા પોલીસી ચાલે છે જેનુ પ્રિમિયમ ભરેલ નથી અને પ્રિમિયમ ના ભરો તો પોલીસી બંધ થઈ જશે તેમ કહી મોબાઈલ નંબર ૭૬૧૯૯૨૧૫૭૪ ના ધારક સાથે વાત કરાવતા મોબાઈલ નંબરના ધારકે વિશાલ ભારદ્વાજ નામ જણાવી વિશ્વાસમા લઈ સતીષ ચોપરા પાસેથી તેઓના બેંક ખાતામાં નીફટ દ્વારા કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- ભરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** તેજસભાઇ મનુભાઇ સોલંકી (રહે. સેક્ટર-૩ કાર્ગીલ પેટ્રોલપંપ પાસે ચાણક્યપુરી ઘાટલોડીયા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. કે તા.૦૮/૦૭/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૦૯/૦૭/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર માનસી સર્કલ સેટેલાઇટ શોપિંગ સેન્ટર પહેલા માળે દુકાન નંબર-૬ ભાતીગળ ડિઝાઇનર સ્ટુડીયો નામની દુકાનનુ શટર તોડી દુકાનના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન નંગ-૨ તેમજ દુકાનના કેશ કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપૂત ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૨**

**દાણીલીમડાઃ** જન્નતહુસેન મોહમદરફીક અંસારી (ઉ.વ.૨૫) (રહે.મહેતાબનગર તાજુશરીયા મસ્જીદની બાજુમાં હિમાલયા બેકરી સામે બેરલ માર્કેટ દાણીલીમડા) તા.૦૯/૦૭/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સિલાઇ કામ કરી રહ્યા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરનાં ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભુપેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** થલતેજ ફાયર સ્ટેશન સામે સેપન એક્ઝોટીકા ખાતે સિક્યુરીટી તરીકે નોકરી કરતા અને ત્યા જ રહેતા અમૃતભાઇ સ/ઓ ખીમે શર્મા (ઉ.વ.૨૦) (મુળ વતન. નેપાળ) ને તા.૦૩/૦૭/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રાધીકાબહેન ઘનશ્યામભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૨**

**અમરાઈવાડીઃ** રવિ ઉર્ફે લાલો રામબચ્ચન રાજપુત (ઉ.વ.૩૧) (રહે.બળીયાનગર રામસિંગ લાલસિંગની ચાલી સામે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.મકવાણા ચલાવે છે.

**રામોલઃ** દિવ્યેશ શ્રીકિષ્ણ પાંડે (ઉ.વ.૨૧) (રહે. રબારીવાસ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં બંજરંગ પાન સેન્ટર સામે જામફળવાડી રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૨ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઈ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી